૬૦૮૫ શ્રી.

પવિત્ર લીલાવતી નાટકનાં ગાયનો.

(વેશ્યા વ્યસન નિષેધક.)

શ્રીમંત ગાયકવાડ સરકાર સયાજીરાવ
મહારાજાશ્રિત.
શ્રી દેશી નાટક સમાજને ભજવવા માટે
રચી પ્રસિદ્ધ કરનાર.

અધ્યાપક કેશવલાલ શિવરામ પાટણકર.

અમદાવાદ
પાનકોરને નાકે બાંચીની વાડીમાં
"એંગ્લો વર્નાક્યુલર પ્રિન્ટીગ પ્રેસ"માં
નથુભાઇ રતનચંદ મારફતીયાએ છાપ્યાં.
સંવત્ ૧૯૫૧ સને ૧૮૯૫

કિંમત ૦-૨-૦

નોટીસ.

આ ચોપડી ખરીદ કરનારને તથા ચોપડીઓ વેચનારને વિનંતી કરવામાં આવેછે કે તેમણે અમારી સહી, સીક્કાવાળી ચોપડીઓ લેવી અને વેચવી આ પ્રમાણે નોટીસ આપ્યાં છતાં જેઓ પાસે અમારી સહી સીક્કા વિગરની ચોપડી હશે તેણે કાયદા વિરૂધ્ધ ઉપાયોથી મેળવી છે એમ ગણી કાયદાસર ઇલાજ લેવામાં આવશે.

આ ચોપડી આપી છે

સહી. [illegible]

શ્રી.

अर्पण पत्रिका.

રા. રા. સાંકળચંદ રતનચંદ વકીલ,

એકત્રીસા સવૈઆ.

શ્રીમાળી જ્ઞાતિ પ્રખ્યાતિ, શ્રાધ્ધ સંઘમાં છે સદ્ગ્રહસ્થ;
પાદલિપ્ત પુરની પેઢીમાં, પુન્ય પ્રતાપે થયા પદસ્થ;
ધન ધન સિદ્ધાચળ ધન રક્ષક, દક્ષ પરિક્ષક દીલ ઉદાર;
કરૂં અર્પણ આ નાટક ઉત્તમ, સ્નેહ સહિત કરશો સ્વીકાર
રતનચંદના રત્ન પુત્ર છો, સગતા સાગર સાંકળચંદ,
સત્ય વચન અમૃત સમ ઉચરી, આપોઆપ અધિક આનંદ;
લઘુ વયથી [illegible] નિરમળ [illegible]ણ છે પ્યાર.
કરૂં અર્પણ આ નાટક ઉત્તમ, સ્નેહ સહિત કરશો સ્વીકાર.
વડીલ વકીલ વિદ્યારસ વેત્તા, વિનીત વિવેકી સુનીતિ વાન;
પરમ પ્રમાણિક પ્રૌઢ પ્રાક્રમી, મોટા જનમાં પામ્યા માન,
કવિની સંપતિના તસ્કરને, દંડાવ્યા દોરી દરબાર;
કરૂં અર્પણ આ નાટક ઉત્તમ, સ્નેહ સહિત કરશો સ્વીકાર.

સંવત ૧૯૫૧ ના	અધ્યાપક.
ભાદરવા સુદી ૧૦	કેશવલાલ શિવરામ.

5085

श्री शंखेश्वर पार्श्वनाथाय नमः

श्री पवित्र लीलावती नाटकनां गायनो.

मंगळा चरण.

नटी—

ओं ह्रीं श्री शंखेश्वर स्वामी; हो अजर अमर अंतरयामी. ओं.
पावन थइ पद पंकज पामी, नित नमन करुं निर्मळ नामी;
अमर निकर भूचर खेचर, नरत करत, हरख धरत,
अरथ संत, तरत वरत. जय जय जय ओं.
शिव सुत केशव कृत गुण ग्रामी, जे पवित्र लीलावती जग नामी;
वेश्यानुं व्यसनं तजवुं तदन, पंडीत पसन शियळ वसन,
सजन सजवुं नाटक भजवुं. जय जय जय ओं—
(नेपथ्यमां) आ कामसेना तुं, विरहा नळथी व्याकुळ थइ वारुं;
नटी—आ वाणी वेश्यानी, शाणा आहींथी शिघ्र जवुं सारुं.

अंक पहेलो.

कपटकळा—
रे
अनंग रंगने इच्छे,
विरहा नळथी व्याकुळ थइ वहती अंग, रंगने—
खानपान गुणगान तज्युं तें, भर्ता विणु मनभंग;

ઝીણા લાલ ઉપર લલચાણી, આળસ મરડે અંગ-રંગને

કામસેના—જાણી તને અજાણી શ્યાણી, સુણે પ્રેમ પ્રસંગ;

કુળને મેળવ મમ મન મોહન, જે તન તંબુ તંગ-રંગને.

કામસેના— ૩

મદન પડયો કેડેરે (૨) ઘણી ગભરામણરે—મદન૦

મન હસ્તી મસ્તીમાં આવ્યો, માવત અંકુશ ક્યાંયરે—મદન૦

કોક વિચક્ષણ વિણ વિહ્વળ હું, તુજ મન ગાંડી ગણ્યાંયરે—મ૦

જો સ્વપને સંજોગ બને તો, પોઢું પલંગની માંહિરે—મદન૦

પણ પતિ વિણ નિંદ્રા નહીં આવે, કાળજડામાં થાય કાંઇ કાંઇરે—

કપટકળા—બળાપો ન કર બાળા(રે (૨) વિચારી કાંઇરે,—બળાપો.

અયરીત ગણિકાને કરવું આ, આપણી એમાં કમાઇરે—બળાપો.

કામ—જોબનપૂર વિષે જનાની, સ્વારથ સમજ તણાઇરે.—મદ૦

સુમતિવિલાસ— ૪

સુણ સજ્જન સખા સમજ સ્હેલને મારૂ,

ફરવા આ યા કાંકરા જવું ક્યાં ધાર્યું;

સ્વાર્થદત્ત—અવલોકો ઉંચું આગ અપ્સરા આ છે:

ચિત લોહા કરશણ કરે ચમક ચતુરા છે.

સુમતિ—હા ચમક પૂતળી લોહ પુરૂષને ખીંચે,

સ્વાર્થ—દ્રષ્ટિ અમૃતથી સ્નેહ વૃક્ષને સિંચે,

સુમતિ—એથી ઉગ્યો આશા તરૂવર અંતરમાં,

ફળ ગ્રહણ કરણ ઉત્સુક થયો આ કરમાં.

કામસેના— ૫

ઓ સાહેલી, ચઢ્યા પેલા અલબેલા,

તું મુજને, મેળવ ઓ વાલમ વ્હેલા;

મુખને મટકે. લોચન લટકે, ચતુર વિચક્ષણ ચાળે ચટકે;
શું એ સટકે, કેમ ન અટકે,
રંગક, ઝમક, ઠમક. ઓ૦

કપટકળા—
ગણિકા થઇને થા નહિ ઘેલી, મન મોહનની વાતો મેલી;
પૈસાને સંઘર તું પ્હેલી, ચડપ ઝડપ સડપ— તું૦

કપટળા— ૬
આશું આંસુ કે ચોમાસું આવ્યું આંખમાં,
આલી આ ચાલી ખાલી નીસાસા નાંખમાં;
પરનર ખરતું જર જીવન હું હરણ કરણ હુશિયાર,
વાનર સમ મ્હેં કૈક નચાવ્યા, નરારને નિરધાર.—આ૦
ગમ અક્કલ આગળ પાગલ એ, આમ કરૂં આધિન,
ખાસ ખાસડાં હુકમ ઉઠાવે, દાસ થઇ નિશ દિન—આ૦
કામ—ખરકે વાનર સમ નહીં એ નર કામ કુંવર અવતાર,
તું પાગલ નહીં નહીં પાગલએ,અહિં નહિં પગ ધરનાર—
આવું અણઘટતું મુજ આગળ ભુંડી ભાખમાં,
કપ—વિષય વિષ મય મધુર વચનથી, લલચાવું એ લાલ;
પોપટ સમ પટ પકડી પુરૂં, કપટ પજરે હાલ—આ૦

કપટકળા— ૭
ઓ અલબેલા આવો, આવો. આવો, આવો, આવોને,
પ્યારા લાલ,તલસેછે,તલસેછે તલસેછે,તલસેછે.તલસેછે,તમને એ.—
આપના નામનો જાપ જપે સ્મર તાપ તપે તન આતુર આલી,
પ્રાણની હાણ સુજાણ થશે અહિ પાણિ,જીવાડીએ આતુર,ચાલી;

કામ છે કામ ભરો ડગ આગ સુકામની વાડી આ ફક્કડ ફાલી,
અમૃત કયારી, નાજુક નારી, નિરખી હરખો નાથ;
શેઠ સ્વિકારી, કરો તમારી, સુખી થશો તે સાથ;
અવધારીને અરજ અમારી, ઓ અલબેલા.—

સુમતિ— ૮

પ્રેમ વચન સરથી મન વિંધી, સ્નેહ સાંકળી સજડ જડીરે,
તીરછા નયન કરે તન તાણું, પ્રિયચિત્ત વૃતિ કેદ પડીરે.—પ્રેમ૦
આ ગણિકા મમ મન મૃગ ઘેરી, ખસવા દે નહીં ગોખ ખડીરે.પ્રે૦
સત્ય શિયળ નીતિ સંહારણ, મદન ફોજ ચોતરફ ચડીરે. પ્રે૦

કપટકળા— ૯

મુકી રકઝક રગણુ રસીલા, છાનામાના છેલ છબીલા;
લાલા ચાલો રંગમાં, વિષય ભુજંગમ વિષ હતારી;
આપ કરો ઉપકાર ઉગારી, અમૃત છાંટી અંગમાં.—મુકી૦

કામસેના— ૧૦

આવો આવો અલબેલા છેલા આ ઘડી,
મારા પ્યારા ન્યારા મુંકું નહીં પાઘડી;
મદન રિપુ મરદી મન મોહન, સુંદર તન આપો આલિંગન;
ચતુર પરસ્પર લઇએ ચૂંબન— આવો૦
વિરહ પીડા હવે નાથ નિવારો,

કપટ—સફળ કરો સંસાર તમારો,
કામ—મુકિને ખટપટ આપ પધારો,
કપટ—ઠાલી માલી આ ચાલી તને હું શું નડી— આ૦

સોજલદે— ૧૧

સખી સાંજનો મચો સુમતી; સ્વારથીઆની સંગે;

સદાફળ—
    અરધી ગઇ પણ હજુ ન આવ્યો, આભૂષણ છે અંગે;
    આવો ક્યાંથી તનુજ તારો,
સેંજલદ—મારો શેયો સ્વાર્થદત્ત નથી સારો;
રત્ના—મને શાથી વગર વાંકે મારો,
સ્વાર્થદત્ત—   ૧૨
    વાગણ મૃગને ઘેરે, તેમ શેઠને ગણીકાએ ઘેર્યા;
    શું મારૂં ત્યાં ચાલે, પ્રેમ પાંજરે પડયા કામ પ્રેર્યા.
કામસેના—   ૧૩
    મારો પાવન કરીઓ પલંગ, પ્યારા પ્રાણનાથ પધારી;
    રમ્યા રસીક રસીકાથી રંગ, વીરહ દુઃખ નાથ નિવારી;
    આજ ઉપજી શીતળતા અંગ, મને સ્વામિનાથ સ્વિકારી;
    શરદ ઋતુ સોહામણી, પુર્ણ ચંદ્ર પ્રકાશ;
    મંદ પવનની લ્હેરમાં, વ્હાલા વિલસોછો વિવિધ વિલાસ. પ્યા૦
    અંતઃપુરમાં એકલા, છાના રાખું છેલ;
કપટ—આ રતિને રતિ પતિ તમે, રમી રસીક કરો રંગરેલ;
કામ—તનમન ધન અરપણ કરી, રંજન થઇ દીન રાત;
        હાજર રહીશ હજુરમાં, પ્રભુ અવર પુરૂષ ભ્રાત તાત.
સુમતિવિલાસ—   ૧૪
    પ્રિયા મારીરે પ્રાણ થકી તું છે પ્યારી,
    ભાલ ગુલાબીએ બીંદુ બિરાજે; મૃગમંદનું મનોહારી—પ્રિયા૦
    કનક કળસ કુચ કંચુકી કસીઆ; સ્પર્શ સદા સુખકારી—પ્રિયા૦
    નિરૂપમ નારી તને નિરખાવી, જીવંથી મર્વ ઉતારી—પ્રિયા૦

રોજ રહીશ તુજ સમીપે રસીલી, સ્વજન સબંધ વિસારી—પ્રિયા૦

કામસેના— ૧૫

નાથ ના કરો, વાત ઘર જવાની;
વિરહ વ્હાય, શું વેઠાય, નહિ જવાય, લાગું પાય;
દાસી છું સદાનીરે— નાથ૦

સુમતી—ફીકર પરહરો, મારૂં વચન માનીરે;
એક જામ જાઉં ધામ, લાવું દામ, આવું આમ;
શું પછી કહેવાની રે— ફીકર૦

કામસેના— ૧૬

વીરહા નળથી બળતી, મુજને મુંકી નિજ ઘર નિત જાવું;
ભોગી ભલે પધારો, ખચિત મારે આજ નથી ખાવું—

સુમતીવિલાસ— ૧૭

ઘેલી કેમ કરે છે ઘેલાઇ —
ચુકી મુકી તારી ચતુરાઇ કહેને ક્યાંઇ—ઘેલી૦
સમ તારા ખાઇ જરા જઇને આવું,
રસિલી રસિલી શાને તું રિસાઇ;
છાનીરે છાનીરે મુકિ મૂરખાઇ— ઘેલી૦

જોષતો— ૧૮

ભાઇ પટારો કેમ ઉઘાડયો, જોઉં કુંચી બેસારી ક્યાં;
સાહેબ બાપા બ્હાર ગયા છે, શું શુંઆમાં બાંધ્યું લેઇ;
બધું ઘરેણું ક્યાં લઇ ચાલ્યા, આમ કરી તસ્કરનું કામ;
પડશે માથે અરે અમારે, પાછું મુકો તમે તમામ.

સુમતી—

ચબાવલા તું ચડી ગયો છે, પરતી તારે શી પંચાત;

બસ બસ તારે નહીં બોલવું, હમણા પાછળ પડશે લાત;
નિચ જાત ચાકરની તારી, આખર જોડા શિયકનાર;
આવ્ય રાંડના હવે અડાવા, બંદાતો આ ચાલ્યા બ્હાર.—

કામસેના— ૧૯

વાલમ આવેરે—આલી જોને આ આનંદ કંદ નંદ નંદ
મંદ મંદ હસી હસાવેરે—વાલમ૦
ચંદ્રવદન મદન મોહન નયન નિજ નચાવે;
ચતુર ચિત ચળાવે ઇશ્ક ઓપથી લગાવે,
તાપ સૌ સમાવે, બેહુ ભાવરે—વાલમ૦

સુમતી— ૨૦

મારી પ્યારી, આ તમે લઇને મુકો ઠીક,
લાવતાં ઘરેણુંરે, જોઇતાએ તો જાણ્યું;
તાણ્યું તેણે તોએ, આણ્યું અડાવી અબીક—મા૦
ખાધી હશે ચાડીરે, ઠેઠ હું પ્હોંચાડીરે;
હમણાં આવું જાવું, જોઇએ બાપાજીની બીક—મા૦

કામ— ૨૧

છબીલા પતિ છોડનારી નથી, જુદી નહીં પડે માછલી નીરથી;
સુ—જરા વાર જઇ હાલ આવું અહીં, અધીરી ન થા સત્ય બોલું સહી;
ઘડી એક ઘરમાં નથી ગોઠતું, નથી ચિત વેપારમાં ચોટતુ,

કામ—

મને પ્રેમ ઓછો દિસેછે પતિ, બીજી કાંઇએ શું બગાડી મતિ;

સુમતિ—અરે વ્હાલી તું આશ આ શુ વદી,

કામ—........................પધારો પસંગે જવાશે કદી૦

સદાફળ— ૨૨

પ્રજળે મારૂં મન પ્યારી, નિરખી સુત ચાલ નઠારી;
ઉઘાડી પુત્ર પટારો, ઠંકાવળી હાર તમારો;
કર્યો હરણ રહ્યો હું હારી— નીરખી૦

સેંજ—શી રીતે હું સમજાવું, રે ધડપણમાં ગભરાવું;
જેમાંથી થશે જુગારી, નિરખી સુત ચાલ નઠારી;
કીંચત કહેતાં, કોપે છે, લજ્જા કુળની લોપે છે;
સૌ વિનય વિવેક વિસારી— નીરખી૦

સદા—કંઇકે ધન મિલકત મેલી, હરાજ કરાવી હવેલી;
નજરે જોયું મ્હેં નારી— નીરખી૦

સદાફળ— ૨૩

ધર્મ નિતી તજતાં થકા, નહિં ધમકાવ્યો નામ;
સનજણ વગર સ્વતંત્રતા, આપતાં થવું આમ.
સુંદરી કંઈ નથી સુજતું.
સંસારમાં સુત સુંદરી, છુટાં મુંકતા છેક;
પસ્તાવું પડશે પાછળ થકી, વંઠી જાતા વીશેષ—

સેંજ—નિંદાય છે નાત જાતમાં, લુચ્ચો કહે એને લોક;
હલકો પડ્યો સગાં વ્હાલામાં, વિવાહ કરશે શું ફોક—
સ્વામિ હવે હુંને શું કરૂ;
ભણવું ને ગણવું ભુલી ગયો, અળગો મુક્યો આચાર;
જાતો નથી જીન મંદિરે, વળી તજીઓ વ્હેવાર—

લાલબા— ૨૪

આમ વાંક વગર વિરા મારે છે શું,

સેંજ—કંઈ તારે વશ પડી નથી ધારે છે શું;
સદા—વૃદ્ધ માતા પીતાને તું ઠારે છે શું;
લાલ—ભણી વિદ્યા વગોવી વિચારે છે શું;
સુ—કેમ લાજડી પડી પછાડી,
લા—..........................જોને માડી ડોળા કાઢી;
બીક બતાવે મને રડાવે,
સૂ—લાતો પડસે ત્યારે રડશે,
લા—ઓ બારે ઓ બાપાજીરે, હાય હાય મને મારીરે—આ૦
સેંજલદે—
આમ મને અપમાની, ઉઠયો આપણા કુળમાં અંગારો;
હાય હવે શું કરવું, જશે ઝુરતાં જનમારો મારો.
સદા—અરજ કરી રાજાને, તજાવશું વેશ્યાનું ઘર તેને;
ઊપાય છેલ્લો એ છે, મારા સમજે તું રડતી રેહેને,
સેંજ—નથી સુજતું સ્વામી, અરે ક્ષોય વાળી તેં જગ લાડી;
વખાણ વેળા થઇ છે, ઘણી વારથી આવી છે ગાડી.
વારાંગનાઓ— ૨૫
જય જય જય કૌશામ્બી નૃપતિ વ્યાપો જશે દેશ વિદેશ,
નિજ વદન વિધુથી ન્યાય સુધા, વરસે વસુધાજ વિશેષ;
મ્હારાજ— શીરતાજ—
ધરમ ધરમ મરમ વેત્તા, પ્રજા તણા પરમેશ;
નીતિની રીતીના ઉપર પ્રીતી, સાહેબીમાં સુરેશ;
કંગાલને ધન માલ આપીને, કૃપાળુ કાપ્યા કલેશ;
આનંદમાં નીત આપની રૈયત, નમન કરે નરેશ. જય જય.

વિદુષક—   ૨૬

સુણો સરકાર (૨) મળી મને નારી નઠારી,
છે લડકારિ, મુજને મારી; પાડતી એ પોકાર: સુ૦
અમેતો આબરૂવાળા. સોમાભાઇ શેઠના શાળા,
મોટી ઝાલી હાથમાં માળા, કુભારજા રાંડના કાળા;
કરે નિત છોકરાં રડારડ—સુણો૦
સ્વામિથી સ્નેહ ન સાંધે, બીજાની એ દોસ્તી બાંધે;
બરાબર રાંડ ન રાંધે, અરે એને ઊચકું ખાંધે;
પછીતો થાય છે પડાપડ—સુણો૦
ચતુરાઇ આંખને ચાળે, આડું બોલી બોલમાં બાળે;
આખો દાડો ઉંઘમાં ગાળે, છટાદાર છાબડ્યું વાળે,
મારે નિત થાયછે ચડાચડને કડાકડ ને લડાલડ ને હડા
હડને ધડાધડને તડાતડને ભડાભડ—સુણો૦

રાજા—   ૨૭

ધીક વ્યભિચારી દુરાચારી સર્વ વિસારી,
હાલા નગર શેઠ સુણી હું દીલગીર છું ભારી—ધીક૦
રાજકાજના જુઓ કાયદા, શી એમાં સત્તા મારી.
લંપટના આગળ આચારી—ધીક૦
પરના ખેતરનું વાવેતર, કદી આપણાં ઢોર ચરે;
પણ ને સજા થકાય ન મારી—ધીક૦
ઝેર હળાહળ જો મુરખ જન, પોતાની મેળે પીશે,
તેનો દંડ કરે દરબારી—ધીક૦
કુળાચાર ગણીકાનો એ છે. એ નથી ડરતી અપરાધી;
વૃદ્ધ તમે છો જુઓ વિચારી—ધીક૦

સુભગા— ૨૮

સ્વામીનાથ મારા શીરતાજ, એક વિનતી સાંભળો આજ;
બુદ્ધીશાળી લીલાવત્તિ બ્હેની, વરવા યોગ ઉમર થઇ એની.
સોમ—આજ પત્ર વિવાહનો આવ્યો, લગ્ન લેવા વિચાર જણાવ્યો;
સુભ—ત્યારે આજ જોશીને તેડાવો, રૂડો લગ્ન દીવસ લેવરાવો;
સોમદત—ઠીક લગ્ન દીવસ નિરધારી, તારી હુંશ પુરી પાડું પ્યારી;
સુ—આવ્યો દીવસ દીવાળીના જેવો, લક્ષ્મી વાવરીને લ્હાવો લેવો.

કામસેના— ૨૯

કર્યું મમ ઘર પવિત્ર આજ પધારી પ્રભુ;
નમું નર વર લુંડીની લાજ વધારી પ્રભુ—કર્યું૦
સચીવજી સાથ કૃપાનાથ મોટી કૃપા કરી;
હાજર હજુર છું ગુલામ થનારી પ્રભુ.

કામસેના— ૩૦

સુણો સચીવજી ચતુર સુજાણ, છબીલો છોડનારી નથીરે.
પૃથિનાથ માગેતો આપું આ પ્રાણ—છબીલે૦
પ્રેમ ગાંઠ બાંધી છે કરી પ્રયાસ— છબી૦
તમે તેડાવો છો શું બતાવી ત્રાસ— છ૦
મન ગમતાથી મોજ ન મુંકાય— છ૦
જીવ જતાં સુધી જુદું ન પડાય— છ૦
આવું અઘટિત ઊચરી વચન— છ૦
મોટી હોળી સળગાવી મારે મન— છ૦
મ્હારાજ મ્હેર કરી કરો માફ— છ૦
આવો અવળો થશે શું ઇનસાફ— છ૦

તમે શીપા રસ કરી હશે શેઠ— છ૦
વેશ્યા પાસે લેવા આવ્યા હશો વેઠ— છ૦
રાજા કોપેતો કાપી લે ભલે શીર— છ૦
ચાય શુળીએ ચડાવે શરીર— છ૦
મુકી દયોને મૃગ તૃષ્ણા જેવી આશ— છ૦
નહીં નહીં આવે આપને આવાસ— છ૦

પ્રધાન— ૩૧

કરો છો શું વિચાર, કર્યા વગર ઉચ્ચાર,
હુકમ કરે સરકાર, વાર કરવી નહી લગાર;
નગર શેઠનો કુમાર, ઘેર જાય નહી ગમાર,
ગણાઓ ગુન્હેગાર, જવા ઝટ કરો તૈયાર;
કરે શેઠજી કરાર, નહી જુઠો થનાર,
જાણજો જાણજો, પાકો તમારો પ્યાર.

ગાનારીઓ--- ૩૨

લીલાવતીએ લખી મોકલ્યોરે, કાગળ પ્રીતમ પાસ;
ચાતુર આતુર ચિત થયું રે, વરવા સદગુણી સુમતીવિલાસ;
વ્હાલા વેલા આવજ્યો—
શરદ પુનમની પદમણીરે, ઝાંખી જોબન વતી જોગ;
દીન કર કર પીડન ચેહરે,
ઈચ્છુ અંતર આપતી એમ--વ્હાલા૦
પરણીને સર્વ પ્રકારનારે, પુરશુ કરશુ કોડ;
રામ સીતા સરખી થશેરે, જાણે રતિ રતિપતિ સમ જોડ. વ

ગાનારીઓ— ૩૩

આજ આનંદ આપણે ઘેરરે, ઉજવો અવસર આવ્યો લીલાલ્હેર.

વાજાં વિવિધ પ્રકારનાં વાગેરે, જેના નાદથી અંબર ગાજેરે.
શીલાવતીને લાયક વર મળિયોરે, આજ આંગણે સુન્તર ફળીયોરે;
કન્યાદાન ઉમંગથી કરીયુરે, આપી વાહન ધન દીલ ઠરીયુંરે;

ગાનારીઓ— ૩૪

ચાલો ગોત્રજને પગે લાગોરે, વરના વાંસામાં પાપડ ભાગો—
માથે મોતીનો મોડીઓ ઘાલીરે, જમણે હાથ નામણ દીવો ઝાલી;
ગાતી વાતી સૈયર સાથે ચાલીરે,મોટી હોંશે વીવાહ વેવાણ મ્હાલી;
કંકુ તીલક કરી ચોખા ચોડીરે, નાક તારયું છે મ્હો ગચકોડી,
ધ્રુના તારાના દર્શન થાયરે, જોડું અવિચળ રહેજો સદાય

સુગુણમજરી— ૩૫

વિસરી જઇશ સખીને, પતિ પ્રેમમાં પડી પુન્યશાળી;
ધર્મ ધર્મ પત્નિનો, કદી વિસરવો નહીં વિનયવાળી;

સાહેલીઓ— ૩૬

સૈયર સુખકર સંસાર, શીયળ ભુષણ સજીએ;
એ વિણ નીગુણા નરનાર, તનમનથી તજીએ;
પર નર નારી દેહ દીપક પર, પડી પતંગ સમાનરે;
સુજસ શરીર સળગાવી મુકે, કઇક નફટ નાદાન.—
અવર અખંડીત અંગ અનુપમ, નહીં મળે એક નાકરે;
શીયળ વિના એવા સદગુણ સહુ, જીમ સોગન્ન સંપાક—
વ્યભિચારીને સૌ સંસારી, કરે અધિક ધિક્કારરે;
પરપોળે પકડાતા પડીઆ, મોટા જનને માર.—
જાર કરમથી જેહ જગતમાં, કરે કલંકીત કુળરે;
મુખમાં અંગારા ઉઠ્યા, ધર્મ કરમાં ધૂળ.—

વેર વિરોધ વધે વ્યભિચારે, નિશ્ચય ધનનો નાશરે;
શાસ્ત્ર કહે શ્રીયળ વતના, દેવ સરીખા દાસ.

સુમતિ— ૩૭

ચમકી, ચમકી ચતુરા કયાં ચાલી અહોંશા ઠહીને હાંસી,
બેસો, બેસો બેસો શું? બીવું, પ્રગટા અધરામૃત પીવું.

લીલા—ઉહુંહું. ઉહુંહું, ઉ હું ઉ હું.

સુમતિ—તજ લાજ પતિ તુજ છું હું,

લીલા—ઓ સખીઓ, ઓ સખીઓ મારી આવી,

સુમતિ—...................શું સટકી જવું સમજાવી,

લીલા—કરવી, કરવી, આશી મસ્તાઇ, એ આ આવી હું બાઈ.

સુમતિ—મુકી, મુકી પંચાત પધારો,

લીલા—.........................મુકોને પાલવ મારો,

સુમતિ— ૩૮

આ મુગ્ધાની દુગ્ધા, માત પીતાએ મુજને વળગાડી;
માન્યું કહ્યું ન મારૂં, અરે રાંડ આ વખત થઇ આડી;
એને બોલાવાના, વ્હાલી વેશ્યાના સોગન ખાધા;
મોટી ભુલ કરી મ્હે, હવે ફરી બોલાવાની બાધા.—

શાનારીઓ— ૩૯

પરણી નરશા કોઝામ્બીએ પધારીઆ;વાજા વાગે જોવાને રઢ લાગે
સાહેલડી, લાડી લાખેણી લાડથી લાડણુ.
ધન્ય ધન્ય સદાફળ શેઠને, જાન જોડી નાંખ્યાં છે નાણાં તોડી—સા.
રથમાં વહુ વરને ચમર વિંઝાયછે,દીસે ડાહ્યા,સેજલડેના જાયા સા.
જગલાડી વરહુતુંજોડુંજોઇને બેઠી ગોખે હંડાનિસાસા નાંખે સા.

મો—સાહેબને સમજાવે સાનમાં, લલચાવે,ને મેતીડે વધાવે.
સાહેલડા!! સેઠની ફજેતીના ફાળકા
મોટું માહાજનસાજનમાં મળ્યુ., આવી રાજકચેરી નૃપ પ્રેરી.સા—

અંક બીજો

સુમતિવિલાસ— ૪૦

હું આની સાથે શું કરૂ., વળગ્યું વેંગ આ ખરેખરૂં;
ગનની મેલી મળી, તરછોડીને ટળી, જઉંછું બળી. ઉંચમાં ભળી;
હશે શીંગમાંથી સળી, અહી હવે નહી ઠરૂં—આ૦
તજી ખાન પાન, વાટ જોતી હશે જીવજાન,
જાઉં ઝટ એના જાન, સાથે મ્હેં જડયો છે જાન;
નડતી પડતી રડતી છોડુંછું હવે છળી—તરછોડી

લીલાવતી— ૪૧

પ્રાણ પતિ પ્રાણ પતિ પ્રાણ પતિરે,
અહિ નથી અહિં નથીઅહીંનથીરે;

લીલા— ૪૨

અરે અહીં એકલી મુકીને મને આમ,
અચાનક ઉઠી કંથ કયાં ગયા તમે;
સ્વામી પ્હેલા સમાગમે આતે શું કર્યું,
સાંભળેલું મ્હેં જે હતું તે સાચું ઠર્યું;
ખચિત પીયુજી ઊંઘતી જાણી ખસ્યા,
આથરે જાણુંછું વેશ્યા આવાસે વસ્યા.

લીલાવતી— ૪૩

પ્રીય પતિ તમે ઝટ આવો આ સમે,
આપ વિના વિરહ વન્હિ શી રીતે સમે,
વેશ્યા વ્હાલી હતિ પતિનો, નતી પરણુવી નાર;
નીંદ્રા મુજને નામ ન આવે, આપ વગર આ ઠાર—
આભુષણુ અંબર ભીંજાયાં, કરતાં અશ્રુપાત;
રોતાં રોતાં નથી ખુટતી, અરે રાક્ષસી રાત—
ગને ભાસકી સરખું ભાસે, શયન ભુવન ભરથાર;
ઝાંઝર જાણે જડી બેડીઓ, અકળાવે આ વાર—
કનક વલય કરકડી બરાબર, વર વિણુ કેદી વેશ;
આ આંજેલી આંખે લાગે, મરચાં સરખી મેશ—
નંગ જડેલી નવિન કંચુકી, બંધન સરખી બાંધ;
બહુ દુ:ખ દેછે કામ દરોગો, હવે કરૂં શું હાય—
અલંકાર ધખતા અંગારા, મણિધર ફુલની માળ;
મંદ પવનની લ્હેરો લાગે, જાણે અગ્નિ જાળ—
કસ્તુરી કંકુ ને કેસર, રસીયા તુજ વિણ રાખ;
પતિ વિણુ કોણુ કરે પરીપુરણુ, અંતરના અભિલાખ—પ્રં

કામસેના— ૪૪

સખી કેમ ન આવ્યા નાથ હજી, હું તો જોગણુ થઉં શણુગાર તજી
દુસ્મન મદન સતાવે નિશદિન, વાર કરે નહી વાલમજી;
ઝંપા પાત કરૂં ઝરૂખેથી, વખુ વશ થઈ મુજને વરજી.

કપટકળા— ૪૫

આમ શું કરેછે આળી રજળો વિરજ પરૂ,

ઘર ઘર વર ચીવર કર નજર નિરખ વર હરખ ભર.
મીલાવ કર કર— આગ્રશું૦
સ્મર જ્વર હર સુખકર ધનવંતર ભર જોબન બેઠી સુંદર વર.
અત્તર સુધારસ પાઇ પરસ્પર. કામ ક્રીડા સખી કરકર—આગ૦

કામસેના— ૪૬

ભલે આવ્યા હર્ષ ભરાણી,
અવધી ઉપર ગઇ એક ઘડી પણુ, મેં જુગ ગાફ્ક જાણી;
સત્યવાદી તમે શેઠજી સાહેબ, હુ ગણીકા ગભરાણી;
નિરજ નહીં અલ્પ ધરાણી— ભલે૦
સુંદર શયન ભવન શણગાર્યું, લાલ હું તો લલચાણી;
પ્યારા પ્રેમ રસ પાઓને પીઓ, મન ગમતું સુખમાણી;
યોવન મદ અશ્વ પલાણી—ભલે૦

સુમતિ— ૪૭

મોહી રહ્યોછું મંદ હાસ્યમાં રસીલી તારા— મો૦
એક રાત્રી રહ્યો નહીં પરણી ઘરણી પાસે,
એકલી મુકી આવ્યો આવાસમાં— રસી૦
આપણે બે ભોગ ભોગવીએ ભોગ એના,
મૈયર જવાની એક માસમાં— રસી૦
કામની તમે કર્યું કાંક મને કામણ,
પકડી ઝકડી પાડયો પ્રેમ પાસમાં— રસીલી.
તુજથી અધીક કોઇ વિશ્વ નથી વ્હાલું;
પ્રતિજ્ઞા કરૂં છું પ્રકાશમાં— રસીલી૦

વણજને વેપાર વ્હાલી ધર્મ કર્મ શર્મ તજી
ગાળવીછે વય બધી વિલાસમાં-- રસીલી૦

લીલાવતિ— ૪૮

નાથથી નિરાશ થઇ મુઝાઇ હું મરૂં—
લાલચા નથી હું લડી, પ્રાણ વિના લાસ પડી;
મદન ગીધ ચાંચ ચઢી, હાય શું કરૂં.—
વ્હાલા વ્યભિચારી થયા, ઊંત્રતી મુકીને ગયા,
એક રાંડ રાખી રહ્યા, હામ ક્યાં ધરૂં—

સુગુણ— ૪૯

અરે આવડી શું અકળાયરે બેની સૌ સારૂં થશે,
મારા સમજો મન મૂઝાય રે— બેની૦
રડી રડી થઇ આંખડી રાતી, કાય ગઇ કરમાઇ;
મ્લાન દેખીને મુખડું તારૂં, મને થાએ કાંઇ કાંઇ;
લીલા—કરી નાવસે નાદાની, જશે કેમ જીન્દગાની—અરે૦
સુમ—સાસન દેવતા સ્હાયથી, તારો સુધરશે સંસાર;
સાચુ પતિવ્રત પાળતા, તારે વશ થશે ભરથાર;
લીલા—મારી છેડાછેડી બાંધી કરી પુરી આ ઉપાધી--અરે૦

લીલાવતી— ૫૦

સખી પરભવ પાપ અમાપ કરી હુતો અવતરી,
ગને વિશ્વ વધુના પ્રતાપ પતિએ પરહરી;
હશે ભરડ્યાં સજીવન ધાન અળગળ પાણી વાવર્યાં;
કર્યું મુનિવરનું અપમાન ધરમાદાના ધન હર્યાં.—
દીધી વિદ્યા ગુરૂજીને આળ લેઈ વ્રત ભાગીયાં,

તોડી નાખી તળાવની પાળ જેનાં પાપ જાગીયાં;
કાંતો પુન્યની ફોડેલ પર્વકે જાન લુટી હશે;
નિજધર્મ તજ્યો ધરી ગર્વ સખી મારૂં શું થશે—
થઇ પાપી તણી પક્ષકાર ઉત્તમ અપમાનીઆ,
મુકી અળગો શ્રાવકનો આચાર મિથ્યાત્વિને માનીઆ.
કુડી સાખ ભરી સરકાર ખોટાં ખત મેં લખી;
દોરી દીનજનને દરબાર દૂપે કરીઆ દુઃખી,
આવાં પાતિક મેં તો અપાર કર્યાં હશે પુરવે,
વેશ્યા સંગી મળ્યો ભરથાર અરે મને આ ભવે—

સુગુણ— ૫૧

શ્રીજીના દરશન કરવા જઇએ, કાળી ફીકર ન કાંઇ;
લીલા—ઉઠોને આદેશ્વર મદીર, આંગી છે સુખદાઇ;-
જીન ગુણ ગાઇ, કરીએ પુન્ય કમાઇ— ૭૦

લીલાવતિ— ૫૨

સુણ સાહેલી કરવું શું હવે, શાથી જન્મારો જશે,
સુગુણ—તારા શિયળ પ્રભાવથી બેની, સ્વામી તુજ સારો થશે;
વ્હાલે વાંક વિના વિસારી, નળની જે દવદંતી નારી;
પાછી તે પતિએ સ્વિકારી, તેમ તે તારો થશે.

સદા— ૫૩

લાજ છોડી છેક તેં છકેલ છોકરા,
બાપની તેં આબરૂના કાંકરા કર્યા—
આવી છે દીવાળી હોળી હૈયામાં બળે,
જડછું વહુને તેડવા પણ દાડો શો વળે;

સેંજલદે—સાસરામાં જાણે છે જમાઇને સહુ,
ગાટે નહીં મોકલે વેવાઇ તો વહુ;
કરવાને વિવેક લોક લાજથી જવું,
જોઇતો—ગાડી જોડી લાવ્યો ખોટી ક્યાં સુધી થવું.

સુગુણમંજરી— ૫૪

કીહાં ગાજ્યો કીહાં ગડગડીઓ, કીહાં મેઘ તણી પડી ઝડીઓ;
કીહાં ઉદય અને કીહાં અસ્ત, એગ સમજીને મનમાં સમસ્ત;
આમે ડા'પણ આપનું જાણ્યું; આવ્યા કરવા અહિંઆ કેનું આણું;
જેમ આવ્યા તમે જાઓ તેમ, ઘેર પુછજો કુશળ ખેમ;

કપટકળા— ૫૫

પીયો પીયો પીયો પીયો પીગો પીયો પીયુ પ્રાણાધાર—
પછી પામો સ્વર્ગનું દ્વાર— પીગો.
લુટો લુટો લુટો લુટો લુટો લુટો, જોબનીયાની બહાર—
કર આવ્યો રત્ન અંબાર— પીગો૦
બેસો બેસો બેસો બેસો બેસો બેસો—
તખત સરકાર—કરી માર કટાર પ્રહાર— પીગો૦

સદાફુળ— ૫૬

ગભરાગણુ મને ગડપણમાં આવે છે ઘણીરે,
લંપટ પુત્ર પાકયોરે, હું તો એનાથી થાકયોરે;
મોટું છે ઘર મારૂં, સાસરીયું એનું સારૂં;
ઘણી સગજણી વહુ છે, તનય તણીરે.— ગભ૦
ગયો લોક લાજેરે, આણું કરવા કાજેરે;
મુજને બહુ બનાવી, વહુને નહીં વળાવી;

શરમાયો વહુની સખીનાં વચન સુણીરે.— ગભ૦
વરસને મહીનારે, વિતિ ગયા કહીનારે;
હવે ફરી હું જઇને, કાંઇક દીલાસો દઇને;
લીલાવતીને લઇને, આવું ધર ભણીરે.— ગભ૦

સ્વાર્થદત્ત— ૫૭

જગત રંડા કને જે જશે, થશે નિરધનરે જસે સુજસ જરૂર કે;
શડશે શરીર કુસંગથી, પંથે પડશેરે થઇ મદીરા મસુરકે,
કોઇ ના પડશો કુછંદમાં— ૧
વિપ્ર વણીક વટલાવતી, ભેળા બેસીરે કરે ભક્ષ અભક્ષકે;
ખાઇ ખરેખર ખાસડાં, મારી માફક રે મુકે પોક પ્રત્યક્ષકે-કોઇ૦
લોક બનાવે બદામનો, કાઢે કાછડીરે પાડે પાઘડી કોકકે;
કાળુ કરે મુખ મેશથી, હેહે કહીનેરે હશે લોકના થોકકે-કોઇ.

સુભગા— ૫૮

દુઃખી તું દીકરી મારી, શુળી સમ સાસરી તારી;
પીયરમાં સુખપાલ પણ, કામ ન આવે કાઇ;

લીલા—સુળી સાસરીયા તણી, સહન કરી સુખદાઇ;

સુગુ—ગુરૂ શિક્ષા સુણી સારી, બધી દીલમાં લીધી ધારી;

લીલા—અછતાં આવે આળ અહીં, કરો વૃદ્ધ વિચાર;
સસરા પુજય પીતા સમા, આવ્યા બીજી વાર.

સોમદત્ત—અરે વર છે વ્યભીચારી, એથી દુઃખ ઉપજે ભારી;

સદા— ૫૯

સુકુળ વધુ તમે સાંભળો, દુઃખીયા સસરાની વાતજી;
જો મન ચાંય તો માનજો, ભાખું છું ભલીભાતજી.

ઉંડું રે -હૃદયમાં આલોચજો (એ ટેક)
ભણતાંરે ભણતાં ભણાય છે, લખતાં ગ્રંથ લખાયજી;
મ્હેલ ઝરૂખાને માળીયાં, ચણતાં ચણતાં ચણાયજી. ઉંડું—
ડગલે ડગલે ડુંગરે, ચઢતાં ચઢતાં ચઢાયજી;
સાગર સમ સરોવર વળી, ટીપે ટીપે ભરાયજી. ઉંડું—
ઉદ્યમ કરતા આળસ તજી, દુઃખ દારિદ્ર જાયજી,
એમ ઉપાય આરંભતાં, સરવે કાર્ય સધાયજી. ઉંડું—
એવા આવી ઘેર આપણે, કરશો કાંક ઉપાયજી;
ધરમ પસાય થકી થશે, શાસન દેવતા સહાયજી. ઉંડું—
લીલા—આવીરે શિખામણ આપની, મારે માથે ચઢાવુંજી;
માત પિતાની આજ્ઞા લઈ, આપણે ઘેર આવુંજી,
સાસુરે કહ્યું સસરાજી એ (એ ટેક.)
આજ્ઞારે આપો માત તાતજી, હવે સાસરે જાવુંજી;
મારીરે શત્રુ ગણિકા થકી, વહું વેર વસાવુંજી. સાસુ—
સો—શાણીરે પુત્રી તું સુલક્ષની, ભલે સાસરે જાઓજી;
અમારી આશિશ છે એટલી, મન વાંછિત થાઓજી.
ધરજે ચિરંજ સદા દીકરી. (એ ટેક.)
સુભ—સાસરે બેન સિધાવતાં, લાગે દીલડામાં દુઃખજી;
સરવે પ્રભુનો પ્રતાપ છે, નથી સ્વામીનું સુખજી. ધરજે.
વસ્ત્ર આભુષણ વિવિધવિધે, કર્યા સર્વ તૈયારજી;
વળી જોઇએ તે તું માગજે, તજી શરમ આચારજી. ધરજે
સસરા સાસુ નાની નણંદનું, કરજે વચન પ્રમાણજી;
સો—કહેવું પડે એવું કાંઇ નથી, તું છે ચતુરસુજાણજી, ધરજે

ગ—વડીલ વિનય કરજે વળી, તજી વાદ વિવાદજી;
 કરતાં ધરમ કરણી સદા, અમને આગુજે યાદજી,
 ધાર્યું થશે શીયળ ધર્મના (એ ટેક)
 કાંઇ કારજ કરતાં થકા, પ્હેલો કરજે વિચારજી,
 સંકટ સમય સંભારજે, મંત્ર શ્રી નવકારજી. ધાર્યું.

લીલાવતી— ૬૦

(સ્વગત) લાવણી. શ્રી અજીતનાથ (એ રાહ.)

રે કર્યો વેશ્યાએ કેર, ઉપજે ઝેર. વાળવું વેર, હવે શા માટે:
હું કાળી નાગણ થઇ ડસું ગણિકાને.
આ જોબન રસ ઝલકાય, વસુ વનમાંય.લાલવિણ લાય, ઉઠેછે અંગે
શી યુકિત કરતાં મળું સલુણા સંગે
શું કરું સૂઝે નહિ કાંઇ,ઘણી ગભરાઇ,મરું વિખ ખાઇ,પિયુજી પાખે,
નિધણીઆ તના ઉપર નજર સૌ નાખે.
મંગાવુ મહીશી ચાર, જોઇ શ્રીકાર, અરે આવાર કહી સસરાને
હું કાળી નાગણ થઇ ડસુ ગણિકાને.

લાલબા— ૬૧

કરી વેશ્યાની યારી, બેઠા અટારી પેલા તમારાં પ્રાણ,
જાઓ થાઓ મૈયારી, ભાભી અમારી— બેઠા૦
વિંછીનો આંકડો વેશ્યા છે વસમી,
જોજો ન થાય જાણ, જાણશે તો ઝેર આણશે ઝંઝું;
કરશે રાંડ રોકાણ;
જુઓ જળની ઝારી, હાથમાં ધારી— બેઠા૦

લીલાવતી— ૬૨

અવર મદન અલબેલો, આતો દિસે— અ૦

શરદ પુનમના, સુધાકર સરીખો, આજ નગરમાં ઉગેલો-આ૦
મનોહર કસ્તુરીઆ મૃગ માફક, જોઉં ઝરૂખે ઝુકેલો-આ૦
હું નીરભાગી નાથ તજી મને, વેશ્યા આવાસે વસેલો-આ૦
ધન ગણીકા ધરણી તજ તુજને, પ્રીય કર્યો મમ પરણેલો-આ૦
ચંદ્રચકોરને મયુર મેઘ સંગ, મુજ મનરંગ રહેલો— આ૦
મૈયાની વેશે નહીં જાણે, મમ છબી છેલ છબીલો— આ૦

સાહેલીઓ— ૬૩

સખીઓ નિજ નિજ નિતી ધર્મ સદા સંભાળીએરે,
પરમ પવિત્ર પતિવ્રત પટકુળ કરી પરીધાન;
સાસુ સસરા માતપિતાની સેવા સાચવોરે—
ભાવ સહીત ભક્તિથી નિત ભજીએ ભગવાન,
એવા ઉત્તમ ગુણથી ઉભય સુકુળ અજવાળીએરે—(ટેક)
નજરે નજર ન જોડીએ, નાથ વિના નર સાથ,
પરનરને નવ આપીએ, તાળી હાથો હાથ;
હસવું રમવું જગવું એકાન્તે નવ બેસવું રે,
પતિવીણ પતિના પણ સહ મિત્રોની સંગાથ— એ૦
નાથ વિના કરવી નહિ, વિનોદ ક્રીડા વાત,
વિશ્વ વિરૂદ્ધ ન વર્તવું, ભલે તાત કે ભ્રાત;
સજની ભ્રષ્ટ થવું નહીં સુધરી સદ આચારથીરે;
નીરલજ નટખટની સોબત તજવી સુજાત— એ૦
કુરૂપી કદ્રુપ કુબડો, નિરધન નિરબળ કાય,
મતિહીણ પતિત પતિ મળે, એ સતીને સુરરાય,
જોડી પગ અંગુઠે ક્રશી આંસુ લોહીએરે,

સુખકર સાચવીએ સૌ સાથે સંપ, સદાય— એ૦
ઊંચે સ્વરે ન ઉચરવું, મુકિને ગરજાદ,
કુલીન બ્હેન કરવો નહીં, વડીલથી વિવાદ;
ચંચળ ચાલે ચટક મટક ચતુરા નવ ચાલીએરે,
શિવસુત કેશવની શીખાગણુ અંતર યાદ— એ૦

લીલાવતી— ૬૪

મીઠડું મહી વેચુંરે, મહી વેચું.
અમૃત સરખું સુખકારીરે— મીઠ૦
લ્યો કોશામ્બી નરનારીરે.— મીઠ૦

સુમતિ— ૬૫

આ ભરવાડણી અજબ અપાર—અજબ અપાર દીઠી. આ૦
રંભા થકી પણ અધિક રૂપાળી, કે ઉમીઆ અવતાર;
શેશ સમા શિશ કેશ સુસોભીત, શશીવદની સુખકાર;
શુક સમ નાકે નથની થરકે, અરૂણ અધર નીરધાર;
ચંપક વરણી એ મૃગનયની, મારી કટાક્ષ કટાર— આ૦
કેસરી સરખો લંક કટીનો, ભારી નીતંબની નાર,—
અંગ અનોપમ કાંબળ ઓઢી, કોકીલ કંઠ ઉચાર.—

લીલાવતી— ૬૬

મીઠડું મહી વેચું મહી વેચું,
અમૃત સરખું સુખકારીરે—
લ્યો કોશામ્બી નર નારીરે.— મીઠ૦

સુમતિ—મારે મહી લેવુંરે મહી લેવું,
આપો મટકી ઉતારીરે— મ્હારે૦

મેયારી મોહન ગારીરે— મ્હારે૦
ચટપટ ઘુંઘટ પટ ખોલોરે— મ્હારે૦
મહીં મુખડાં બરાબર બોલોરે— મ્હારે૦

મેયારી— ૬૭

મેતાજીરે શું મહી મુખ બતાવું, ચાખો પછી ભાવ જણાવું;
મગાશે નહીંરે ફરી દુનીઆમાં આવું, સમજુને શું સમજાવું;
જુગતીથી રોજ જમાવું; લ્યો લાલન શું લલચાવું;
ખાખા કેડે ખુશ થાવું, તક જાશેરે તો પડશે પરતાવું—ચા
સુ—મહી મીઠુંરે મ્હેં ચાખ્યું મહિયારી, તું ગામ કીયે વસનારી;
ભ્રગુટિમાંરે ભુરકી બાસે ભારી, કહો નામ તમારૂં નારી;
વળી કોણ તમારો વિહારી, સ્મિત હાસ્યથી મનહરનારી;
કે તુજ કુળ કામણગારી, સાવિત્રીરે તુલ્ય ન આવે તારી.—
લી—રંગીલારે મારી જાત રબારી, છું રાજપુરે રેહનારી;
હનુઓછેરે મુજ સ્વામી સુખકારી, મમ નામ સલુણી સારી;
તમો વણીક વડા વેપારી, પુછી કુળ જાત અમારી;
શું વાત વિવાહની વિચારી, મન મોહનરે હું નવ પરણીત નારી—
સુ—અલબેલીરે મારે અનંગ ઉછાળા, સુણી મધુર વચન મરમાળા;
લી—નવ સમજુંરે હું ભોળી નવ તે, મહીંશી દુજે મમ ઘેર;
મોંઘુંછે ગોરસ મારૂં, વડા વાને બને નહીં વારૂ:
નથી લીધું કાંઇ તમારૂં હું જઉંછુંરે અતિ રતિ પતિથી રૂપાળા—
સુ—શા માટેરે વાત જવાની બોલે, મમ જીવ ચડગો ચકડોળે.
લી—અણઘટતારે ઘાટ તમે ઘડશોમાં, આધારો મને અડશોમાં.
સુ—હું આવો છું અલબેલી, તજ તુજ ગભરામણ ઘેલી.

મહી મુખ કહો મન મેલી, દીલ હરણીરે શું હવે ડાપણ કરોજે.

લી–રંગરસીયારે,દુરજનથી મન ડરીએ, કહી ભાવ ખરો શું કરીએ;

સુ–ગજગમનીરે મુજથી નજર મિલાવે,નખરેથી નયન નચાવે,

કુમકુમનો ચંદ્ર કપાલે, તલ ગૌર ગુલાબી ગાલે,

ચમકાંત ચિતડું ચાળે, વશ કરવારે તસ વચને અનુસરીએ.

દીલમાં દુરીજનથી ન ડરીએ.

લી–અલાલાજીરે શા મન વાત વિચારો, મુજને વદશે ઘણી મારો

ગારગડારે મુકોને મન ગગતા; સુંદર રાખુછુ સમતા.

ટીકછો અગળા ઠગનારા, કરો આંખ તણા અણુસારા.

મ્હેં જાણ્યા વિચાર તમારા, ધારોછો તે સ્વાર્થ નથી સરનારો;

સુમ— ૬૮

કામણગારી નારી કેહને ગને વાત તારીરે.

છેલ છબીલી છબી ફાંકડી, આ દીસે અદભૂત.

ગુણ હીણો ગામડીઓ ખુહો એનો ભમતો ભુત–કા૦

ચતુર વિચિક્ષણ તું ચતુરાં ને ઘણી મૂરખ સરદાર;

ચંપક વરણી કયમ ચાલે છે ગમારથી ઘરબાર—કા૦

લી—ડાહ્યા ડમરા તમને પરની લાગે વાત પ્યારીરે—

પગ હેઠળ દાવાનળ સળગે એ અવલોકો આપ;

અમને પછી શીખામણ આપો, મોહન રાખી માપ—ડા.

નીરલજ નીચ જગતની નારી, આ ગણિકા ગુણ હીણ;

કેમ પ્રેમ બાંધ્યો પાતળીયા, પુરણ થઈ પ્રવિણ—કા૦

સુમતીવિલાસ— ૬૯

મધુર વચનથી કરે હરણ મન સુંદર રસિક શરીર;

કોક કળામાં પુર્ણ કુશળતા..

ગી—……………………હરે પુરૂષનું હીર—

ભલે લાલ તમાચો મારી મુંખડું લાલ રાખોરે—

અલબેલા ઊત્તમ કુળ ઉપજ્યા, આ કુલટા કમજાત;

કામણગારા કેમ બને છે, વદો બરાબર વાત.

મતી— ૭૦

તાબે થયો છું સલુણી તમારા;

મૈ—………………મ્હેર આપો મન મોહન મારા,

સુ—નાહક આહક નવ ભડકાવો, સત્ય વિચાર સલુણી જણાવો;

મૈ—કૃપણતા શેઠ તમારે તો કરવી, વ્હાલી વેશ્યા તણી હાજરી ભરવી;

દામવિના દહાડો ક્યાંથી વળશે, માલ વેશ્યા મુખડી સમ મળશે;

હું તો અહીં નહીં આવું હવેથી, ફાંકડે રાવશા ફોક ફજેતી.

સુ—વેધક વચન વદો શું વિચારી, શી મરજીછે સલુણી તમારી;

મૈ—આળ કરો નહીં વેશ્યા વ્હેમાશે, મુકોને હાથ મારો મરડાશે,

સુ—મ્હેર આપી લેઉ માલ તમારો, નિત્ય બે વખતનો બાંધીએ વારો.

મૈયારી— ૭૧

ચાલીજા ચાલીજા અહીંથી ચુડેલ,

મીઠું તું મનાવી ફંદામાં ફસાવી, પ્રપંચે પટાવી, ખેલાવીને ખેલ

ચડાવી ચોળાવી ઊડાવી બનાવી, પૈસા પડાવી છળાવી છટેલ;

હરામી સ્વામી જે હૈયા ફુટલ, વ્હાલાંને મુકીને વઠી ગએલ;

તરૂણી તજાવી તું છેડો વળાવી, રેંડ તેં રડાવી મરાવી નાંખેલ.

કામ— ૭૨

ઊઠય ઊઠય અલી જાને તારે ઘેર, ધુતારી ધુતવાને આવી આવીરે;

ક્યા જનનું તું વાળે છે આ વેર ધુતારી ધુતવાને આવીરે.

છેલ છબીલાને છેતરી છીનાળ.ધુ તારૂં કાળું કર આવ્યોતારેકાળ.ધુ.
બોલી મીઠાં મીઠાંકપટવચન ધુ કરે મલીન મ્હેતાજી તણું મન ધુ.
તારૂં પોગળ બધું થયું પ્રકાશ ધુ.હવે આવીશ નહીં મારે આવસ ધુ.
મૈ—રાંડ આવીશ રસિક કને રોજ નફટ ફટ ફટ તનેરે;
તારા મમત ઊપરમાણું મોજ, નફટ ફટ ફટ તનેરે.
તારી ખોટી છે પીતળ જેવીપ્રીત ન.તું તો માંટી નવા નવાકરે નીત.ન.
રમે તમારાથી જે પુરૂષ જાર ન.એતો જગતનું એઠું જમનાર.ન.
તારી ખચિત ખલક ખુદે ખાટ ન તારૂં તન તેતો કુતરાની ચાટ.ન.
તને અડતાં મનુષ્ય અભડાય. ન. તારા સંગથી નરકે નર જાય.ન.

કામ—

કાંક દાળમાં કાળું મને દેખાય.ધુ.આતો માંટી તારાઠગણી શું થાય,ધુ.
મૈ—મારૂં ફોડી નાંખજે તું હૈયા ફુટ—ન૦
હાલા ગારા એ માંટી છે માથુ કુટ—ન૦
કામ—ભુંડી રાંડ નિચ જાત ભરવાડ,
ધુતારી ધમકાવે મનેરે—
અહીંથી તારી મહી મટકી ઉપાડ—ધુ૦
સુમતી—બસબસ રાંડ ઝાઝું નહીં બોલ,
આધી રે તારૂં આવી બન્યું;
તેંતો હાથે કરી ખોયો તારો તોલ—આ૦

સુમતી— ૭૩

માઠું લગાડો તો મારા સમ છે સલુણી,
નથી આ નફટમાં બે બદામની બુંણીરે
વચમાં બોલાવ્યા વિના બોલી વઢકારીરે,

નીગમાં તું નીચી વેશ્યા નીરલજ નઠારીરે—

મૈયારી— ૭૪

ગણી બહુ વેચાય, અહીં નહીં અવાય,
અપમાન થાય, મ્હોરો સદાય;
કયાથી અપાય, નિચ આધીન નગીના.

સુમતી—આગ ચતુર નાર, કરી પૂર્ણ પ્યાર, ડર નવ લગાર,
નિત્ય આવ્ય દ્વાર, લે મુક્તા હાર, વળી આપીશ દાગીના;

સુમતી— ૭૫

આજ રંગમાં રસિલી પ્યારી રાત રહો,
વીસ મ્હોર કાલને પ્રભાત લહો—આજ૦
કટુક વચન કુલટા નહીં બોલે,
આટલું સલુણી સુજાત સહો—આજ૦

મૈયારી— ૭૬

નગીનારે નેહ નજર કરી આજ,
અહર્નિશ હું આધીન અલબેલા; પણ નડવાની પીડાજ.

સુ—રે ગણીકાને હું નહીં ગાંઠું, મનથી કરેછો ગિજાજ,
રસિલીરે, રાત રહો અહી આજ;
લે આ વચન તન મન ધન તારૂં, નથી એ કરક્ષાનું કાજ—ન

મૈ—હું પણ કોલ કરાર કરૂં પતિ, આવીશ નિત અહીઆંજ—ન૦
હુંરે ભલે ભરવાડણ સરજી, પુરવ પુન્ય ફળ્યાંજ—ન૦

અંક ત્રીજો.

કામ— ૭૭

કરમ તણી કથની રે કયાં જઇને કરૂં,
દીલડામાં સળગે દાવાનળ દુ:ખજો,
બરવાડણ વેરણના ભભેર્યા થકી;
શેઠ જુએ નહી સ્નેહે મમ સન્મુખ જો. કરમ—
મોજ મઝા માણે છે મારા દેખતાં,
લાજ ન આવે નિર્લજ્જને લવલેશ જો;
અહનીશ એબે જણ રે'છે આણંદમાં,
ક્લેશ વિશેષ ગને ઉપજે હમ્મેશ જો. કરમ—
છેદે છે ગહિયારી ગારો છાંયડો,
ક્યો કંથ વશ કરૂં હવે હું કેમ જો;
બહુ બોલું તો સાડાબાર વરષ તણો,
ત્રુટી જાય તરત પ્રીતમથી પ્રેમ જો. કરમ—

મોય— ૭૮

અમૃત સરખું સુખકારીરે. લ્યો મનમોહન મહી લાવી;
કા—આ હૈયા શબડી આવીરે, કામણ ટુંમણ કાંક કરે;
બદફેલી કરતાં ફાવીરે—કામણ•

કપટ— ૭૯

હજુએ નવ આવતી અટકી,
કા—કેમ કરૂં જશે કાળજું ફૂટકી,નથી હઠતી પટકી મટકી-હજુ૦
કપ—રદય નયન રજકણ સમ ખટકી,
કા—..........................છેલ્લ જશે છટકી ત્રટકી,

મૈયારી— ૮૦

અમૃત સરખું સુખકારીરે, લ્યો મનમોહન ગહી લારી;
બળે મનમાં વેરણુ મારી રે—લ્યો૦
સુ—તુજ દધી દૂધ છે ગુણુકારીરે, આવો મૈયારી મારી;
જગવહુ રહેશે જખમારીરે—આવો૦
મૈ—મૈયારી મંત્ર ઊચારીરે, મારૂં આ કર્પણુ કરવું;
બડબડતી આ બિચારીરે, એક દીન આદરશે મરવું;
કુ—ઉભી શું હૈયા ફુટીરે, લીધી તુજ લખમી લુટી;
કુ।—ખુંટી ગઇ મારી ખુંટીરે, શું કરવું માથું કુટી—
ફટકણુ ફાટી તું ઝાઝી રે, લોક થકી પણ નવલાજી;
બધી હાથ કરી તેં બાજી રે, દર મ્હેતાજીને રાજી—
મૈ—મીઠડા લ્યોને મહી મીઠું રે, કાળજડું ઠંડુ થાશે;
આતો નથી અવર અજીઠું રે— કાળ૦

સુમતી— ૮૧

મલપતિ તલપતિ રતિમતિરે રતિ આકૃતિ
રતિ નથી તું વિસરતી, રતિ—
તેં નવોઢા આરપાર રદયમાં ઉતારી,
સજળ ચપળ ચક્ષુ બરછી ચમકતી રે— રતી૦
મૈયા—મીઠાં મીઠાં વચન આમ મરમમાં ઉચારી,
ધાર્યું છે શું ક્યાં સુધી ધરૂં ધૃતીરે—
કાંક મોહની કરી ગને રતિપતિ,
સુ—સુખ દાયક લાયક મમ લલના;
જન્મીશું આહેર જાતીમાં જતીરે.

મે—અવળાં કામ કરે વિધિ કહેતું શું વધારે;
શું સલુણા આપ યોગ્ય આ હતીરે,
રાખ્ય રાખીને રહ્યા રતિપતિ;
સુમતી—મધુરી તુ રાધીકા સગાન મેળ્યાં મારમાં;
મે—કૃષ્ણે જેવી આપ નવ કરો કૃતિરે— કાંક૦
રમે આંખમાં સાપોલિયાં રતિપતિ,
કપ—છટકતિ છિનાળ છાલ કેમ છોડતી નથી;
કા—જાને અલી જાને કરંધું જતીરે;
કેમ આવતા હજુ નથી તું અટકતી,
સુ—રૂમક ઝુમક કરતી નિત્ય આવશે રસિલી;
મીઠડું મહી વેચું મુખ ઉચ્ચરતી— રતી૦
મે—પ્રેમ પોથી પઢી પ્રવિણ પ્રાણજીવન પાસે,
સુ—ગણીકા ગમારમાં નથી ગતી રે-- . રતી૦

મેયારી— ૮૨

હશી વશીકરણ કરી ભાન ભૂલાવી લાલા;
હર્યા મમ પ્રાણ નયન બાણ લગાવી લાલા;
થયો પરિપુર્ણ અરશ પરશ જીહાં પ્રેમ પ્રિતમ,
લ્યોને કોણ માત્ર મહી મેં લાજ લુટાવી લાલા. હ૦

કામસેના— ૮૩

મહી નથી લેવુરે જા ઠગાઇ તારી;
મીઠુ મીઠુ બોલી, ખાઇ ગઇ ફોલી,
કપટ આ કેવુરે, જા ઠગાઇ તારી,
કપ—નિજવર બોયું જગમાં ન જોયું તુજ પિયુ જેવુરે—જા૦

સુમતી— ૮૪

એ જમવા અભિલાષ, સરસ મહી—

માંખણુથી પણુ અધિક મીઠ્ઠ છે, ધિક આ આગળ દ્રાખ,સ.

આની તુલ્યે કદી ન આવે, સાકર આંબા સાખ—સ

આ અમૃત સમ ગોરસ આગળ, દાય નહી દુધપાક—સ

તું ઈરષા અગનીમાં અમથી ખુબ બળી થા ખાખ—સ

કામસેના— ૮૫

મુજને ભીખ માગતી તેજ કરી, તેજ કરી ધન ગાલ ગતા હરી,

દીલડામાં નવ લેશ ડરી,— મુજને

ના કેહેતાં નિત નિત ઘર આવે, જા તુજને નથી શરમ જરી.મુ-

કામ નથી ઘરમાં તમ કેરૂં, આ હું સત્ય વચન ઉચરી. મુ—

નકટાં થઇ કદી પગ નવ દેશો, મગ ઘરમાં ફટકેલ ફરી. મુ—

આજ થકી કરો અદીઠ તગારૂ, હું ખોટી આ રાંડ ખરી. મુ—

મૈયારી— ૮૬

પ્રાણુજીવન પુઠે પુઠે પધારો, અહીછે એકાંન્ત આવાસ અમારો;

કામ ક્રીડા પતિ અહનીશ કરશુ, સાહેબ વનિતાની વિનતી સ્વીકારો

સુ—તું જોબન મદમાતી મૈયારી, મેં નિરખી તુજ નિપુણુતા ન્યારી;

છાની રાખું તને છેલ છબીલી, જાણીએ છે બધી જારી વિજારી

મૈ—ચાકરી લાલ જવા દો તમારી, હું ગણિકા થકી નથીરે નહારી·

સુ—જાણ્યા કરીને જગતમાં શું કારણુ, હું મધુકર તુંતો માલતી મારી.

લીલાવતી— ૮૭

આપ કૃપા કરી અમને ઉગારો, બળતી અનંગ અનળ થકી ઠારો;

નીરભય રહો મમનાથ નગીના,ઘરમાં નથી ને નથી આવતારો;આપ.

રતી અંતર રસિયા રખે રાખો, વિવિધ પ્રકારથી લાલ વિહારો—
ભોગવો સ્વર્ગ તણા સુખ સ્વામિ, હુકમ કદી નહીં તોડું તમારો.
પ્રસન્ન કરૂં પ્રભુ પાય પલોટી, ગ્રહી માંખણ થકી શરીર સુધારો આ૦

લીલા— ૮૮

ગાથાના મુગટ મારા પરણ્યા કે કુવારારે,
શાને માટે આપે સગાં વ્હાલાંને વિસાર્યા રે. મુગટ—
ક્યાં છે માતપિતાજી તમારાં ક્યાં છે સજ્જન કુટુંબરે,
ક્યાંછે ક્યાંછે ક્યાંછેરે, સંબંધ તમારો સાચું બોલો સમ મારારે. મુ;

સુમતિવિલાસ— ૮૯

પવિત્ર પુન્યાત્મા છે, માવીત્ર અમારેરે;
વેશ્યાની સોબતે તજ્યાં, વગર વિચારેરે;
આ નગરીમાં એહ વસેછે, વનિતા પીયર વસેલરે;
વનિતા વનિતા વનિતારે, અનુપ આકૃતિ એની તારે અનુસારેરે

લીલાવતી— ૯૦

મારી સૈયર શીયળ સોભાગી, દેખી અવગુણ શો તમે ત્યાગી;
આપને ઘટે કરવું ન આવું, કહોતો એહને અહીયાં બોલાવું;
સુ—સુતો સર્પ જગાડીએ શાથી, અતી અડચણ થાય એમાંથી;
તું છે સૌ સુખદાયક પ્યારી; એનું કામ નથી અહીં નારી,
નિત્ય ભાવતાં ભોજન કરશું, રસ રંગમાં આપણ રમશું;
મળ્યું છે મન આપણા બેનું, અહીં શું છે પ્રયોજન એનું;
લૈ—આવું કરીએ નહિ મન કાચું, સાંભળો ને કહું સાચે સાચું;
પ્રીય પરણ્યા તમે મારી સાથ, એતો યાદ લાવો પ્રાણનાથ;
સુમ—ગ્રહી બોરીએ હાથ દબાવ્યો, નખ દઇને નેહ જણાવ્યો;

તમ સાથ હીંચોળામાં હીચી, ખશીઆણી પાડી ચીર ખીંચી;
લાગે આટલું તમને અધુરૂં, હજુ બીજી નીશાનીઓ પુરૂં;
મને અરધીએ એકલી મુંકી, ગયા ચતુર પતિ બધું ચુકી;
સુ—થઉ વિષ્મય સાંભળી વ્હાલી, મળ્યા દંપતિ કોડ દીવાળી;
પ્યારી તારોછે પુરણ પ્રેમ, આવી પ્હેલું કહ્યું નહી કેમ;
કર્યો કેમ મૈયારીનો વેશ, નવ જાણ્યું કપટ લવ લેશ;
મે—મેંતો જાણ્યું રસિક રીસાળ, પાસે વેશ્યા વિષય વિષ જવાળ;
એથી મૈયારી સ્વાંગ ધરીને, તમને વશ કર્યા કપટ કરીને;
સુ—સત્યવાત સકળ પ્રીયા તારી, મારી અક્કલ ગઇ હતી મારી;
મારી રસમ સરવ તેં સુધારી, ધન્ય ધન્ય પતિવ્રતા નારી;
મારા કુળનું કલંક તેં કાપ્યું, તને અધીક શાબાશી શી આપું;

લીલાવતી— ૯૧

મનહર મળતાં, મેં મન ગમતું સરવે સુખડું માણ્યું;
જગમાં જોતાં, સ્વામી સમાગમ સમ સુખ અવર ન જાણ્યું.(ટેક)
જીન વચન સુધારસ ચિત્ત ધરશું, સાતે ક્ષેત્રે ધન વાવરશું;
પ્રતિદિન પ્રભુની પુજા કરશું. મનહર—
પિયું માત પિતા પાયે લાગો, મારી અપરાધ તણી માગો;
સંસાર તણો ચલવો સાગો. મનહર૦—

કામસેના— ૯૨

અરે ઓ યાર, થઇ ખુવાર, તેં તીરસ્કાર કર્યો;
આંસુ આવાર, ચાલે ચોધાર, ન દિલદાર ઠર્યો;
જાઇ આગાર, દાડાચાર, અરે નીજ નાર વર્યો;
આવીતી તે ઠાર, હતી હુશીયાર, હૈયાનો હાર હર્યો;

કપટકળા—તજી દરકાર, કરી વ્યભિચાર, પાછો ભંડાર ભરો;
તને હજાર, મળશે યાર, એ વેપાર ખરો,
સુખી કરનાર, મારો વિચાર, નહિ લગાર ડરો;
બેસી બજાર, હવે કુળાચાર, અંગીકાર કરો.

કામસેના— ૯૩

પ્રીતિ પાતરની કરનાર, સરવે મુરખના સરદાર;
નિતી નીપુણ ગણે નાદાર, પીડા પામે અપરંપાર,
જેની સાથે જવ તલ બાળી, માતપીતા પરણાવે,
એને ત્યાગી નીરભાગી નર, આપણી પાસે આવે. પ્રી૦
પત્નિ સુખ પકવાન સરીખું, તૃપ્ત થયા નહીં તેથી,
ગણિકા ગમન વમન સમ ગણવું, અરે થશે શું એથી. પ્રી૦
શું એનાથી કારજ સરશે, એશું સાર કરશે.
સ્વાન સમાન સદા અથડાઇ, મોત વગર તે મરશે. પ્રી૦

કામસેના— ૯૪

ધીઃક કુળાચાર આપણો એવો, સ્વામીનો જ્યાં ન સુમાર,
યાર બોલાવા બજારમાં બેસવું, લાજ મળે ન લગાર—
ચોર જુગારી ઉચક્કાઓ આપણી, પ્રીતી કરે બેશી પાસ;
આપણો ને વળી આપણા યારનો, વિશ્વ કરે ન વિશ્વાસ—
ભભકો મારી ભલે ચૌટામાં ચાલો, ઝાલી ગુલાબના ગુચ્છ;
સદગુણી માણસ સમજે વેસ્યાને, તરણા થકી પણ તુચ્છ,
ઓછી અક્કલની ઉત્તમ કુળની, કઇક નીચ પ્રસંગથી નાર;
વ્હાલા તજીને બનેછે વારાંગના, વ્હાલો કરી વ્યભિચાર—
એતો અતિ દુઃખ પાસે આપણ થકી, જ્યારે જોબન તેનું જાય;

ફીડાપડ કાહાડનાર જડે નહીં, મારવાથી મડદૃ શું થાય—
પરભવ પાપ કર્યા પરીપુરણ, આવ્યો વેશ્યા અવતાર;
આ ભવમાં પણ અધીક કરી, અધ નરકે જવું નિરધાર—
રૂપ—મારી બાઇ મનમાં ન મુંઝાશો, સ્નેહ રહે જો મમ સાથ;
વેશ્યા વેપાર પ્રપંચ બધો તજી, જપશું હવે જગનાથ—

સોંજલદે— ૯૫

શીયળ સાચવ્યું તેં પ્રીયા સુતની, વધો વેલ તારા થકી કુળની;
વધુ શું વદુ ગુણ તારા વધુ, તને ધન્ય છે સુખ આપ્યું બધું;
અચળ તારૂ રહેજો સુહાસણ પણું, સદા સુખમાં જીવજ્યો તું ઘણું
કળા કેળવી લાવી તું કંથને, થજો પુન્યશાળી સુપુત્રો તને,

સુગુણમંજરી— ૯૬

સુખી થજો દેશી સજ્જન સમાજ, ધર્મ પત્નિ તું ધર્મ કવચ ધરી
અપરાજીત થઇ આજ— સુ૦
દંપતી આ દ્રષ્ટાન્ત વિલોકી, સુધરોને સુખ કાજ— સુ૦

સઘળા— ૯૭

નાટક નવિન રસાળ રસિક રચ્યું— ના૦
વહી ગએલાનીજ વાલમને પકડી પ્રેમની જાળ;
વેશ્યા ઘરથી નિજ ઘર લાવી, વનિતા બુદ્ધિ વિશાળ—ર૦
લીલાવતી સમ શીયળવતી સતી, માનુની ગુણ મણી માળ,
પ્રેમ વિનયથી વર વશ કરજ્યો, પ્રણમી જગ પ્રતીપાળ—ર૦
અણહીલપુર પાટણનો વતની, રાજનગર રહું હાલ;
જૈનશાળામાં જૈન અધ્યાપક, શીવસુત કેશલાલ—રસિક૦

અમદાવાદ.	કેશવલાલ શીવરામ
ફતાસાની પોળ જૈનશાળા	અધ્યાપક.

નોટીસ.

હીંદુસ્તાનના તમામ છાપખાનાવાળાઓને તથા ચોપડીઓ છપાવનારાઓને તથા ચોપડીઓ વેચનારાઓને તથા નાટક ભજવનારાઓને હું નીચે સહી કરનાર અ. કેશવલાલ શીવરામ આ નોટીસથી ખબર યા ચેતવણી આપું છું કે મારૂં રચેલું સંગીત લીલાવતી નાટક તથા પવિત્ર લીલાવતી ગદ્યપદ્યાત્મક નાટક તથા તેમાંનાં ગાયનો અગર તેમાંનો કાંઈપણ ભાગ મારી લખીત પરવાનગી વગર કોઈએ છાપવો, છપાવવો, વેચવો, વેચાવવો અગર ભજવવો નહીં આ સબંધમાં મારો રજીષ્ટર હક તોડી મારી રચેલી સંગીત લીલાવતી નાટકની ચોપડી શા. હીરા દલપતે તથા છોટાલાલ મ્હોલાલે તથા ભોગીલાલ મ્હોલાલે અમદાવાદ ઇંડીઅન ગાઇડપ્રેસમાં નાથાલાલ કાળીદાસના પાસે છપાવી તે કામમાં અમદાવાદના મેહેરબાન હજુર ડીપોટી કલેક્ટર સાહેબ રાવબહાદુર કેશવલાલભાઈએ ફર્સ્ટક્લાસ માજીસ્ટ્રેટના હોદ્દાની રૂએ નાથાલાલ કાળીદાસને છ માસની કેદની અને રૂ. ૫૦૦) દંડની સીક્ષા કરી છે. અને શા. હીરા દલપત ઉપર જુઠી પ્રતીજ્ઞા કરવા બાબતનું શેક્ષન આપી સરકાર કામ ચલાવે છે વળી રાજનગર ગુજરવિજય પ્રેસના માલીક બળવંતરાવ ઉપર તથા પંડીત વૈજનાથ વીગેરે ઉપર તથા કાનજી દેવજી ઉપર અમદાવાદની ડીસ્ટ્રીક્ટ કોરટથી તથા મુંબાઈની હાઈ કોર્ટથી મોટી રકમોના હુકમનામાં થયાં અને બીજાઓ ઉપર દાવા કરવા શરૂ છે માટે શ્રી દેશી સમાજના કોઈપણ નાટકનો કોઈએ રજીષ્ટર હક તોડવો નહીં.

લી. અધ્યાપક કેશવલાલ શીવરામ.